# હોઠો ઉપર છે તાળું, કંઈ પણ ના કહી શકીશું, તું પૂછ નહીં કે “કેમ છો”, અમથા રડી પડીશું!

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

રામજી, લાલજી શેઠે નોકરને બૂમ પાડીને પોતાની કેબિનમાં બોલાવ્યો.

લગભગ દોડતો રામજી શેઠની કેબિનનું કોલેસિબલ ડોર ખોલીને અંદર ધસી ગયો.

“આજે ઘેરથી ચા પીધા વિના નીકળ્યો છું,” લાલજી શેઠે કહ્યું, “જલ્દી ચા બનાવી લાવ, જા.”

“શેઠ,” રામજી બોલ્યો, “આપણે દૂધ રાખતા નથી કેમ કે બધા કારીગરો ને ઓફિસનો સ્ટાફ બધા સામે રાજારામની લારીએ જઈને ચા-નાસ્તો કરી આવે છે. ત્યાંથી ચા લઈ આવું?”

“સારું,” લાલજી શેઠ બોલ્યા, “જલ્દી જઈ આવ.”

રામજી ચા લેવા નીકળ્યો ને લાલજી શેઠને વિચાર આવ્યો, આજે સવિતા જીવતી હોત તો આ ચાની કે જમવાની તકલીફ ન પડેત. અત્યારે તો રસોઈવાળી જેવું બનાવે એવું ખાવાનું, એ જેવી ચા બનાવે એવી પીવાની, ને એ ન આવે ત્યારે બહાર જમવાનું! પોતાની કમનસીબી પર પોતાને જ દુઃખ થયું.

સવિતા હતી ત્યારે તો પોતે ભાવનગર હતા. માતા-પિતા તો અવસાન પામેલાં, કુટુંબમાં માત્ર પોતે અને સવિતા જ! એ તો સારું કે, પોતાના લગ્ન પછી માતા-પિતાનું અવસાન થયું, નહીં તો કન્યા મેળવવાની પણ તકલીફ પડેત. જો કે એમને યાદ આવ્યું કે, સવિતા સાથેનું લગ્નજીવન માત્ર ચાર જ વર્ષ ટક્યું. પાંચમા વરસે ડિલિવરી સમયે ન સવિતા બચી શકી, ન બાળક!

કોલેસિબલ ડોર ખૂલ્યું, ને રામજી ચા લઈને આવ્યો, ને શેઠ ભાવનગરથી સુરત આવી ગયા! એણે શેઠના કપ-રકાબીમાં ચા કાઢીને ટેબલ પર મૂકી. પહેલો ઘુંટડો ભર્યો ને લાલજી શેઠ ખુશ થઈ ગયા.

“વાહ રામજી,” લાલજી શેઠ બોલ્યા, “બહુ સરસ ચા લઈ આવ્યો. એકદમ સરસ. કોણે બનાવી?”

“શેઠ,” રામજી બોલ્યો, “લારી પર રાજારામ જ ચા બનાવે છે. એ બિહારનો છોકરો છે પણ ચા બહુ સરસ બનાવે છે ને મેથીના ગોટા તો શેઠ, તમે ખાવ તો તબિયત હલી જાય એવા બનાવે છે. કોઈ વખત લઈ આવીશ.”

“લારી એની છે?” લાલજી શેઠે પૂછ્યું.

“હા,” રામજી બોલ્યો, “આપણા મેન ગેટની સામે જ રોડની સામેની સાઈડે એની લારી હોય છે.”

“તો એને કહે,” લાલજી શેઠ બોલ્યા, “કાલથી આપણા પાર્કિંગ પાસે જગ્યા છે ત્યાં લારી રાખે એટલે આપણા કારીગરોને ને ઓફિસ સ્ટાફને રોડ ક્રોસ કરીને રોજ જવું ન પડે.” “ભલે શેઠ,” રામજી પગ ઉપાડતાં બોલ્યો, “કહી દઉં છું. જો માને તો કાલથી અહીં જ આવી જશે.”

લાલજી શેઠનું કારખાનું ત્રણ માળનું હતું. ગ્રાઉન્ડ ફ્લોર પર એમની ઓફિસ અને પચાસ હીરાની ઘંટીઓ, પહેલે માળે સ્ટાફ માટેની ઓફિસ ને હીરાની ત્રીસ ઘંટીઓ ને ત્રીજે માળે એક ઓરડો હતો પણ એ લગભગ ખાલી રહેતો હતો.

સવિતાના અવસાન પછી લાલજી શેઠે ભાવનગરની એમની જમીન ને મકાન બધું વેચીને સુરતમાં આ મકાન લઈ લીધેલું. એમાં એમણે ફેક્ટરી કરી અને રહેવા માટે નજીકમાં જ એક સરસ બંગલો ખરીદી લીધેલો.

ચાર બેડરૂમનો બંગલો ને રહેનાર પોતે એકલા, એટલે શરૂઆતમાં તો એમને ખાલીપો કોરી ખાતો પણ હીરાની ફેક્ટરીનો વ્યાપ વધતો ગયો, તેમ તેમ એમનો જીવ એમાં પરોવાતા લાગ્યો ને એકલતા બહુ નજીક નહોતી ફરકતી. બીજા દિવસથી રાજારામે પાર્કિંગમાં પોતાની લારી ગોઠવી દીધી. લાલજી શેઠની ગાડી આવી અને એમનું ધ્યાન રાજારામ તરફ ગયું. એની નિર્દોષ આંખો એમને ગમી. હવે ફેક્ટરીમાં સૌને ચા-નાસ્તા માટે તકલીફ ઘટી ગઈ ને સમય પણ ઘટી ગયો. હવે તો રાજારામ કારખાનાની અંદર આવીને પણ ચા આપી જતો.

લાલજી શેઠ પણ હવે આવીને બપોરની ચા રાજારામ પાસેથી જ પીતા.

“રાજારામ,” એક દિવસ એમણે ચા આપવા આવેલા રાજારામને કહ્યું, “તું આ લારી ચલાવે છે એના કરતાં અમારા ત્રીજા માળે એક કેન્ટિન જેવું કરી નાખ, તો ત્યાં ચા-નાસ્તો પણ બનાવાય ને તને આવડતી હોય તો રસોઈ પણ બનાવી શકાય. કારીગરોને રાહત રહે.”

“મને કૈં વાંધો નથી શેઠ,” રાજારામ બોલ્યો, “પણ ભાડું.....” “મારે ભાડું નથી જોઈતું રાજારામ,” લાલજી શેઠ બોલ્યા, ''તું મારા કારીગરોને સાચવજે. બસ, એ મારું ભાડું. કોઈ પણ આઈટમ ખરાબ ન હોવી જોઈએ એટલું ધ્યાન રાખજે. હું કાલે તારે જોઈતા ફર્નિચર માટે મિસ્ત્રીને બોલાવી લઈશ, તું વાત કરી લેજે. એના પૈસા પણ હું આપીશ.” રાજારામ તો રાજીના રેડ થઈ ગયો. આટલો ભલો માણસ એણે વીસ વરસની ઉંમરમાં પહેલી વાર જોયો. બિહારથી કમાવા માટે મા-બાપને ઘેર મૂકીને અહીં આવેલા રાજારામને લાલજી શેઠમાં પોતાના પિતાના જ દર્શન થયા. અઠવાડિયામાં તો રાજારામની કેન્ટિન ચાલુ પણ થઈ ગઈ. હવે એણે જમવાનું બનાવવાનું શરૂ કર્યું ને એમાં પણ એના વખાણ થયા. ખાસ તો બિહારી સ્ટાઈલથી એ લીટ્ટીચોખા બનાવતો, એ ખાઈને તો કારીગરો આંગળી ચાટી જતા!

લાલજી શેઠે પણ એકાદબે વખત રાજારામના બનાવેલા લીટ્ટીચોખા ખાધા અને એ પણ ખુશ થઈ ગયા. “રાજારામ,” બીજા દિવસે બપોરના ચા આપવા આવેલા રાજારામને એમણે પૂછ્યું, “તું ક્યાં રહે છે?”

“શેઠ,” રાજારામ બોલ્યો, “આગળ ઝૂંપડપટ્ટી છે, એમાં એક ભાડે રાખીને રહું છું.”




**એણે ચાનો કપ આપ્યો એ વખતે એના હાથનો સ્પર્શ થયો ને પોતાના અંગેઅંગમાં જાણે વીજળી દોડી ગઈ હોય એવું લાગેલું. તારો હાથ એકદમ કોમળ છે, અને તું સ્વરૂપવાન પણ છે છતાં ચાનો ધંધો કરે છે?” યુવતી કશું ન બોલી**

લાલજી શેઠે એક મિનિટ વિચાર કર્યો, પછી રાજારામ સામે જોયું. “અહીંથી ચોથો બંગલો મારો છે,” લાલજી શેઠ બોલ્યા, “એમાં સર્વન્ટ ક્વાર્ટર પણ છે. મારે કોઈ સર્વન્ટ નથી એટલે એ ખાલી છે. મારું ઘરનું બધું જ કામ રસોઈવાળી બહેન કરે છે. તું એ ક્વાર્ટરમાં રહેવા આવી જા. તું આવીશ તો મને ક્યારેક સારું ખાવાનું મળશે. આવીશ?”

“શેઠ,” રાજારામ બોલ્યો, “તમે કહો એટલે મારાથી ના કેમ પડાય? હું કાલથી જ આવી જઈશ.”

બીજા દિવસથી રાજારામ બિસ્તરાપોટલા લઈને લાલજી શેઠના સર્વન્ટ ક્વાર્ટરમાં આવી ગયો. હવે શેઠની સવારની પહેલી ચા એ જ બનાવતો હતો. ક્યારેક શેઠને લીટ્ટીચોખા પણ બનાવી આપતો.

એક મહિના પછી રાજારામ બિહાર જઈને એનાં માતા-પિતાને પણ લઈ આવ્યો. એ બન્નેનો સ્વભાવ પણ લાલજી શેઠને ગમ્યો. રાજારામની મા શેઠના બંગલામાં કામ કર્યા કરતી. એના પિતા શેઠના બગીચાની સંભાળ લેવા માંડ્યા. જોતજોતામાં બગીચો પણ સુંદર બની ગયો.

લાલજી શેઠ હવે આનંદમાં હતા. હવે એમને ઘર ભર્યું ભર્યું લાગતું હતું. ખાલીપો હવે કોરી ખાતો નહોતો. સવિતા યાદ આવતી પણ ક્ષણિક. એ સમજતા કે, જે ગયું છે એ પાછું આવવાનું નથી એટલે એનો શોક કરવો નકામો છે.

એક વખત મોડી સાંજે લાલજી શેઠ બગીચામાં ખુરશી નાખીને બેઠા હતા. રાજારામના પિતા પાણીનો ગ્લાસ લઈને આવ્યા. “રાજારામના લગન કર્યા કે નહીં?” લાલજી શેઠે રાજારામના પિતાને પૂછ્યું.

“ લગન માટે હજી પૈસાની તેવડ નથી શેઠ,” રાજારામના પિતા બોલ્યા, “છોકરી તો અમે જોઈ જ રાખી છે. છોકરીનું કોઈ નથી. આડોશ-પાડોશનાં કામ કરીને ગુજરાન ચલાવે છે.” “તો હવે લગ્ન કરી નાખો,” લાલજી શેઠ બોલ્યા, “પૈસાની ચિંતા ન કરતા, બધો ખર્ચો હું આપીશ અને આપણા બંગલાના કમ્પાઉન્ડમાં જ ગોઠવણ કરીશું. છોકરીનું કોઈ ન હોય તો એને અહીં બોલાવી લો, બંગલામાં એ રહેશે ને લગ્ન પછી તમારી સાથે રહેશે એટલે તમારે જાન લઈને બિહાર ન જવું પડે.” રાજારામના પિતાને તો ગલોટિયું ખાવાનું મન થઈ ગયું!“આભાર શેઠસાહેબ,” એ બોલ્યા, “તમારા જેવું તો કોઈ ન કરી શકે. ખૂબ ખૂબ આભાર. હું બિહાર જઈને છોકરીને લઈ આવીશ.” “ક્યું ગામ છે તમારું ?'' લાલજી શેઠે પૂછ્યું.

''અમારું ગામ બલિયા છે શેઠ,” રાજારામના પિતા બોલ્યા. “બલિયા?” લાલજી શેઠે ચોંકીને પૂછ્યું, “પટનાથી મુઝફ્ફરપુર જતા રસ્તામાં આવે છે એ ગામ?''

“હા શેઠ, એ જ ગામ,” રાજારામના પિતા બોલ્યા. લાલજી શેઠ ઊભા થઈને બંગલામાં ગયા.

એમને અચાનક એમનો બિહારનો પ્રવાસ યાદ આવી ગયો. ભાવનગરથી એ ઘણી વાર ગાડી લઈને રખડવા નીકળી પડતા. કશુંય નક્કી ન હોય. ગમે તે રાજ્યમાં ગમે તે શહેરમાં પહોંચી જતા ને સાત-આઠ દિવસે પાછા આવતા. બલિયાગામ.... રોડ પરની ચાની લારી, બાજુની ઝૂંપડી....એક ક્ષણ એમને બધું જ યાદ આવી ગયું પણ વિચારોના વમળમાં એમની સ્મરણનૈયા સપડાય એ પહેલાં નિદ્રારાણીએ એમની પાંપણ પર પાલવ ઢાંકી દીધો!

રાજારામના પિતા બીજા જ દિવસે બિહાર જવા નીકળી ગયા. ચોથે દિવસે એ એક સુંદર યુવતીને સાથે લઈને આવ્યા. એ સાંજે શેઠ બગીચામાં બેઠા હતા ને રાજારામના પિતા પેલી છોકરીને લઈને આવ્યા. લાલજી શેઠે છોકરી સામે જોયું ને એ ચોંકી ગયા. એ જ ચહેરો. એવી જ કાયા. એ જ....એ જ...... “શેઠજી,” રાજારામના પિતા બોલ્યા, “આ મારા રાજારામની વહુ છે. રૂપા, શેઠને નમન કરો બેટા.”

“સુખી રહો બેટા,” લાલજી શેઠ બોલ્યા, “ગળામાં સરસ માળા પહેરી છે તે.”

“મારી મમ્મીની છે શેઠજી,” રૂપા બોલી, “મરતા પહેલાં એણે મને આપેલી. મને કહેલું કે, આ તારા પપ્પાની યાદગીરી છે.”

“તારા પપ્પા શું કરે છે?” લાલજી શેઠે પૂછ્યું.

“શેઠજી,” રાજારામના પિતા બોલ્યા, “એના પપ્પા વિષે એની મમ્મીએ કદી વાત જ નથી કરી એટલે ગામમાં પણ કોઈને ખબર નથી કે એના પપ્પા કોણ છે પણ અમે એને દીકરી તરીકે જ જોઈ છે ને એનું રાજારામ જોડે નક્કી કરી નાખ્યું. “એ ક્યાં રહે છે?” લાલજી શેઠે પૂછ્યું.

“પહેલાં તો એની મમ્મી રોડ પર ચાની લારી ચલાવતી ને બાજુની ઝૂંપડીમાં જ રહેતી,” રાજારામના પિતાએ વિગતો આપી, “પણ દીકરી જન્મી એ પછી એની તબિયત બગડવા લાગી એટલે મારી બાજુમાં એક ઓરડી ખાલી હતી એમાં એને રહેવાની સગવડ કરી આપી. રૂપા ધીમે ધીમે મોટી થતી ગઈ ને એની મમ્મીના અવસાન પછી એ ચાની લારી ચલાવે છે.”

“સારું, સારું,” લાલજી શેઠ બોલ્યા, “કાલથી રસોડા પાસેના રૂમમાં એને રહેવાનું ગોઠવી દેજો.”

આટલું કહીને લાલજી શેઠ પોતાના શયનખંડમાં ગયા. એ પલંગમાં તો પડ્યા પણ ભૂતકાળની કેડી પર એમના મને ભટકવાનું શરૂ કરી દીધું.

એ વખતે પોતાના લગ્ન થવાને એક વરસની વાર હતી ને પોતે ગાડી લઈને બિહાર તરફ નીકળી ગયેલા એ એમને યાદ આવી ગયું.

ફાટ ફાટ જુવાનીનો નશો અને તેજતોખાર જેવી ગાડી- એટલે એમણે સ્પીડમાં ગાડી ભગાવી. એ પટના પહોંચ્યા. ત્યાં એક - બે દિવસ રખડીને એ મુઝફ્ફરપુર જવા નીકળ્યા. લગભગ એક કલાક પછી એ ને ભૂખ લાગી. એમણે રોડની સાઈડ પર એક નાનું ગામ જોયું. બોર્ડ હતું- બલિયા. રોડ પર જ એક ચાની લારી હતી એની પાસે એમણે ગાડી ઊભી રાખી. એક સ્વરૂપવાન યુવતી ચા બનાવતી હતી. પોતે એને ચા બનાવવાનું કહ્યું અને કૈંક ખાવાનું હોય તો પૂછ્યું. “પહેલા ચા પી લો,” યુવતી બોલી, “ ખાવાનું તો બીજું નથી પણ બાજુમાં મારી ઝૂંપડીમાં લીટ્ટીચોખા બનાવેલા છે, તમે આવો, હું ગરમ કરી આપું.” એણે ચાનો કપ આપ્યો એ વખતે એના હાથનો સ્પર્શ થયો ને પોતાના અંગેઅંગમાં જાણે વીજળી દોડી ગઈ હોય એવું લાગેલું. “તારો હાથ એકદમ કોમળ છે,” પોતે કહેલું, “અને તું સ્વરૂપવાન પણ છે છતાં ચાનો ધંધો કરે છે?” યુવતી કશું ન બોલી. જો કે પોતાના હાથના સ્પર્શથી પેલી યુવતીના અંગમાં પણ વીજળી દોડી હોય એવું એમને લાગેલું. ચા પીને બન્ને ઝૂંપડીમાં ગયાં. યુવતીએ લીટ્ટીચોખા ગરમ કર્યા ને પોતે ખાવાની શરૂઆત કરી. “તે પણ ખાધું નહીં હોય,” પોતે કહેલું “ચાલ, બાજુમાં બેસી જા ને પ્લેટ લઈને ખાવાનું શરૂ કરી દે.” પેલી યુવતી પોતાની તદન નજીક બેસી ગઈ ને ખાવા લાગી. ખાધા પછી પોતે ખાટલામાં આડા પડેલા ને અવશપણે પેલી યુવતીને હાથ પકડીને પોતાના તરફ ખેંચી લીધેલી. યુવતી પણ ખેંચાઈ આવી અને પછી જે ન બનવાનું હતું એ બની ગયું! થોડી વાર પછી પોતે ઊભા થયેલા ને સોનાની જાડી ચેન એ યુવતીને આપેલી.

“મારી યાદ તરીકે આ સાચવજે, આવજે.'' આટલું કહીને એ નીકળી ગયેલા. નિદ્રારાણીએ પાંપણ પર ટકોરા માર્યા ને ભૂતકાળ સંકેલાઈ ગયો.

બીજા દિવસે સવારના એ જાગ્યા. જાગીને એમણે કારખાનાના મેનેજરને ફોન કરીને શુક્લ મહારાજને લઈને આવવાનું કહ્યું. શુક્લ આવ્યા એટલે લાલજી શેઠે રાજારામના પિતાને બોલાવ્યા.

“આમના દીકરાના લગ્ન કરવાના છે, આ અઠવાડિયાનું જ મુહૂર્ત કાઢી આપો. કન્યા સામે બેઠી છે એ છે.” ગોરમહારાજે આવતા રવિવારનું મુહૂર્ત આપ્યું.

“ભલે,” શેઠ બોલ્યા, “તમે આગલા દિવસે આવીને પૂજાપાનું નક્કી કરી જજો.

લગન તમારે જ કરાવવાના છે.” એ પછી લાલજી શેઠે ફોન કરીને ભરતભાઈ ધડૂકને બોલાવ્યા ને રસોઈનું સોંપી દીધું. લગભગ બસો માણસોની એમની ગણતરી હતી. સમયસર બધું પત્યું. લગ્નની વિધિ શરૂ થઈ. કન્યાદાનનો પ્રસંગ આવ્યો ને લાલજી શેઠ ઊભા થયા.

“કન્યાદાન હું કરું છું,” એમણે કહ્યું, “આજથી આ રૂપાને હું દત્તક લઉં છું. આજથી એ મારી દીકરી છે ને મારી તમામ મિલકતની એ કાયદેસરની માલિક છે. કાલે કોર્ટમાં બધી વિધિ પતાવી દેવાશે.”

રાજારામનું કુટુંબ સ્તબ્ધ થઈ ગયું. રૂપા તો લાલજી શેઠને વળગીને રડી પડી. લાલજી શેઠની આંખોમાં પણ આંસુ ઊભરાયા. એમના હોઠ પર હવે જાણે તાળું લાગી ગયું. એમને લાગ્યું કે, રૂપા જો કૈંક પૂછશે તો પોતે રડી પડશે!

(શીર્ષકપંક્તિઃ તનસુખ શાહ ‘સ્વપ્નિલ’ )